GJBK180004682024

સત્યમેવ જયતે

દાખલ તારીખ :–૨૭/ ૦૨/૨૦૨૪

રજી. તારીખ :–૨૭/ ૦૨/૨૦૨૪

નિકાલ તારીખ :–૦૨/ ૦૩/૨૦૨૪

સમયગાળો :–વર્ષ:૦૦, માસ :૦૦,દિવસ : ૦૪

આંક:–

ડીસાનાં મે.આઠમા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, ડીસા.

ફો.પ.અ. નં. ૧૧૪/૨૦૨૪

(૧) ટીનાભાઈ ઉર્ફે શંકરજી પ્રહલાદજી ઠાકોર,

ઉ.વ. ૨૯, ધંધો: મજુરી,

(૨) દિલીપભાઈ કાળુભાઈ રાવળ,

ઉ.વ.આ.૩૬, ધંધો: કલરકામ,

(૩) વિષ્ણુંભાઈ ગફુરભાઈ રાવળ,

ઉ.વ.આ.૩૩, ધંધો: ડ્રાઈવીંગ,

તમામ રહે.૨૪, ઈન્દીરાનગર છાપરા,

તા.જિ.ગાંધીનગર. .........અરજદાર

વિરૂધ્ધ

ગુજરાત રાજય ........સામાવાળા

બાબત :–ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૩૯

અન્વયે જામીન અરજી.

અરજદારો તરફે વિ.વ.શ્રી. કે.આર.જોષી

સામાવાળા તરફે એ.જી.પી. શ્રી વી.બી.કંસારા

–: હુકમ :–

૧. આ કામે અરજદારો હાલની અરજી, ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૩૯ અન્વયે ભીલડી પોલીસ સ્ટેશન ગુ. ર. નં.૧૧૧૯૫૦૦૮૨૪૦૦૬૯/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે હાલની રેગ્યુલર જામીન અરજી લાવેલ છે.

૨. આ કામે અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા, વિધ્વાન એ.પી.પી.શ્રી હાજર થયેલ છે, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ તથા તપાસના કાગળો રજુ રાખેલ છે.

૩. આ કામે અરજદારોની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, અરજદારો નિર્દોષ છે, કહેવાતો ગુનો કરેલ નથી, એફ.આઈ.આર. જોવામાં આવે તો ગુનો બન્યા તા.૧૩/૨/૨૦૧૪થી ૧૨/૨/૨૦૨૪ બતાવવામાં આવેલ છે, ફરીયાદ તા.૨૧/૨/૨૦૨૪ ના રોજ આપેલ છે તે જોતાં ફરીયાદ સંપૂર્ણ ગોઠવણપૂર્વક આપવામાં આવેલ છે તેવું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે, અરજદારો મજુરી, કલરકામ, ડ્રાઈવીંગ કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે, અરજદારોને

લાંબો સમય કસ્ટડીમાં રાખવામાં આવે તો અરજદારોના કુટુંબનુ અરજદાર સિવાય કોઈ દેખરેખ રાખનાર ન હોય પરીવારને પારાવાર નુકશાનીનો સામનો કરવો પડે તેમ છે અને ભુખે મરવાનો વારો આવે તેમ છે, ફરીયાદ સંપુર્ણ ખોટી અને સમાજમાં પ્રતિષ્ઠા હલકી કરવા તેમજ સ્વમાન ભંગ કરાવાના ઈરાદાથી ખોટી રીતે સદર ગુનામાં સંડોવવામાં આવેલ હોઈ આવા પ્રકારના કૃત્યમાં અરજદારોના હકકોનું રક્ષણ અને જતન કરવાની અદાલતને ફરજ છે, આ કામે સંજયચંદ્રા વિ. સી.બી.આઈના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે બંધારણીય હકકોનું આર્ટીકલ –૨૧ મુજબ રક્ષણ કરવું જોઈએ તેમજ નામ.સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત કાનુન મુજબ બેલ એ નિયમ છે અને જેલ તે અપવાદ છે તેવો પ્રસ્થાપિત કરેલ હોઈ તે સિધ્ધાંતો અનુસાર પણ જામીન આપવા માટે આ યોગ્ય કેસ છે જેથી ગેરકાયદેસર રીતે કોઈની સ્વતંત્રતા હણાય નહી. અરજદારો વિરુધ્ધના ગુનાના કામે જામીન ઉપર મુકત કરવાની નામદાર કોર્ટને વિશાળ સત્તા છે, અરજદારો ટ્રાયલ દરમ્યાન નિયમીત ટ્રાયલ કોર્ટમાં હાજર રહેશે અને તપાસના કામે જયાં અને જયારે જરુર પડશે ત્યાં અને ત્યારે હાજર રહેશે, અરજદારો અરજીના મથાળે દર્શાવેલ સરનામે રહે છે અને સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, કયાંય નાસી કે ભાગી જાય તેવા ઈસમ નથી, શરતોનું પાલન કરશે, અરજીની વિગતે જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. આ કામે ફરિયાદપક્ષનાં કેસ અનુસાર, કોઈ ઈસમે બી.એસ.એન.એલ. બીલ્ડીંગમાંથી (૧) જનરેટરની એક જુની ડીસ્ચાર્જ થયેલ બેટરી કિં.રૂા.૨,૦૦૦/- તથા (૨) એસ.એમ.પી.(પાવર મોડયુલ) કિં.રૂા.૫,૦૦૦/- તથા (૩) સી-ડોટ કાર્ડ કિં.રૂા.૫,૦૦૦/- તથા (૪) એ.સી. અને ડી.સી. તથા પી.સી.એમ. કોપર વાયરના ટુકડા નંગ-૪ એક ટુકડો આશરે ૧૫ મીટર લંબાઈનો જે કુલ ૪ ટુકડાઓની લંબાઈ આશરે ૬૦ મીટર જેની કિં.રૂા.૬૦,૦૦૦/- મળી કુલ રૂા.૭૨,૦૦૦/- ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ હોવા સબંધેનો છે.

૫. આ કામે અરજદારો તરફે વિધ્વાન વકિલશ્રીએ અરજીની વિગતે રજુઆત કરેલ છે, વધુમાં જણાવેલ છે કે, અરજદારો નિર્દોષ છે, કોઈ ગુનો કરેલ નથી, અરજદારો મજુરી, કલરકામ, ડ્રાઈવીંગ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે, કયાંય નાસીભાગી જાય તેમ નથી, નામદાર કોર્ટમાં નિયમિત હાજર રહેશે, શરતોનુ પાલન કરશે, અરજીની વિગતે જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

૬. આ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.જી.પી.શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે, જામીન મુકત કરવાથી નાસીભાગી જશે, હાજરી સલામત નથી, ગંભીર ગુનો છે, પ્રથમદર્શનીય કેસ છે. આથી, જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૭. આ કામે ઉભયપક્ષે વિધ્વાન વકિલશ્રીઓની રજુઆતો ધ્યાને લીધી. જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા કેસ કાગળો વંચાણે લીધા. કેસ કાગળો ધ્યાને લેતા, ફરીયાદને સમર્થનકારી સાહેદોના નિવેદન છે, તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામુ જોતાં, ફરીયાદ મુજબની હકિકતો જણાવી છે. અરજદાર નં.૨, ૩ ની સામે અગાઉ ગુના નોંધાયેલ હોવાનું દર્શાવેલ છે. ઉભયપક્ષની અધિકાંશ રજુઆતો પુરાવાનો વિષય છે, પુરાવો લીધા સિવાય નિર્ણીત થઈ શકે તેવી જણાતી નથી. સામાન્ય રીતે જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાનાં ગુણદોષ સબંધી મૂલ્યાંકનને અવકાશ હોતો નથી. તપાસના કામે આરોપીઓની જરુર નથી, જયુ. મેજી. ટ્રાયેબલ કેસ છે, કેસ ચાલતા સ્વાભાવિક સમય લાગે, ત્યાં સુધી જેલમાં રાખવાથી ન્યાયી હેતુ સરે તેવુ જણાતુ નથી. આ કામે આરોપીઓની ઉંમર, ઈતિહાસ, ગુનાની સબંધી સજાની જોગવાઈ, સંજય ચંદ્રા વી. સી.બી.આઈ.નો નામદાર સર્વોચ્ચ અદાલતનો ચૂકાદો તથા ઉપરોકત વિગતેના સંજોગો સમગ્રપણે ધ્યાને લેતાં, શરતોને આધીન ગ્રાહય રાખવી ન્યાયોચીત જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરવા પ્રેરાવ છું.

**-: હુ ક મ :-**

આ કામે અરજદાર-આરોપી (૧) ટીનાભાઈ ઉર્ફે શંકરજી પ્રહલાદજી ઠાકોર, (૨) દિલીપભાઈ કાળુભાઈ રાવળ,(૩) વિષ્ણુંભાઈ ગફુરભાઈ રાવળની ભીલડી પોલીસ સ્ટેશન ગુ. ૨.

નં.૧૧૧૯૫૦૦૮૨૪૦૦૬૯/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ ના કામે, હાલની જામીન મુકત કરવાની અરજી મંજુર કરવામાં આવે છે. દરેક આરોપીએ રૂ.૭૨,૦૦૦/– (અંકે રૂપીયા બોતેર હજાર પુરા) નાં જામીન તથા જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા હુકમ કરવામા આવે છે.

**–: શરતો :–**

(૧) આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા કે કરાવવા નહીં, ફરીયાદી કે તેના પરીવાર કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન આપવા કે અપાવવા નહીં.

(૨) આરોપીઓએ પોતાનુ કાયમી રહેણાંકનું પુરુ સરનામું, ફોન–મોબાઈલ હોય તો તે સહીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવું, તેમાં ટ્રાયલ કોર્ટની પરવાનગી સીવાય ફેરફાર કરવો નહીં.

(૩) આરોપીઓએ ચાર્જશીટ થતા દર અંગ્રેજી મહિનાની ૧ લી તારીખે સવારના ૧૧–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા દરમિયાન સબંધિત પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી અચૂક પુરાવવી.

(૪) આરોપીઓએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો, નીચેની કોર્ટ સમક્ષ એક અઠવાડીયામાં જમા કરાવવો અને ન ધરાવતાં હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર જાહેર કરવું.

(૫) આરોપીઓએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સીવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૬) જામીન આપવા સબંધી કાર્યવાહી નીચેની કોર્ટ સમક્ષ કરવી.

સબંધિતોને ચાદી કરવી.

હુકમ આજરોજ તા.૦૨, માહે: માર્ચ, સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ડીસા
તારીખ:૦૨/૦૩/૨૦૨૪

( હમીર હરદાસભાઈ કનારા )
ઈન્ચાર્જ–આઠમા અધિક સેશન્સ જજ,ડીસા
કોડ નં. જીજે–૦૦૬૪૪